Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ સં. ૮૩ (ચાલુ) વીર સં. ૨૫૦૪
વિક્રમ સં. ૨૦૩૪ પોષ

# શ્રી આત્માનંદ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૭

## પ્રભુ ! મારૂં નિવેદન

અંતરના ઉંડાણમાં રહેલી મારી સઘળી ક્ષીણતા દઢ બળથી છેદી નાખ મારા પ્રભુ ! સુખની સાથે મને એવું બળ આપ કે સુખને હું કઠણ કરી લઉં. દુઃખમાં મને એવું બળ આપ કે દુઃખ પોતે જ મુખ પર શાંત સ્મિત ફરકાવી પોતાની ઉપેક્ષા કરી શકે. મારી ભક્તિને એવું બળ આપ જેથી તે કર્મમાં ફલિત થાય, પ્રોતિ અને સ્નેહ પુણ્યરૂપે પ્રફુલ્લે. મને એવું બળ આપ જેથી તારે ચરણે શિર ઢાળીને હું અહર્નિશ પોતાને સ્થિર રાખી શકું.

તેં સંસારમાં મને જે ઘરમાં રાખ્યો છે, તે ઘરમાં હું બધા દુઃખો ભુલીને રહીશ. કરૂણા કરીને તેનું એક બારણું તારે પોતાને હાથે દિન-રાત ખુલ્લુ રાખજે.

હે દીન વત્સલ મારી શક્તિ અલ્પ છે, પણ મારી આશા અલ્પ નથી. તારા જલમાં અને સ્થળમાં, તારા જીવલોકમાં જ્યાં જ્યાં હું જાઉં છું, જ્યાં જ્યાં હું ઉભો રહું છું ત્યાં ત્યાં સર્વત્ર મારૂં પોતાનું સ્થાન માગું છું. તારા દાનપત્રમાં તારૂં સર્વસ્વ હું લખી લેવા ઇચ્છું છું.

પોતાની જાતને રાત-દિવસ જાતે ઉપાડી ઉપાડીને હું ક્ષણે ક્ષણે થાકી જાઉં છું. મારૂં એ થાકેલું હૃદય તારા સૌને મારા પોતાના કરીને તે સૌની વચ્ચે હું સ્થાપના કરીશ. મારા પોતાનાં ક્ષુદ્ર સુખ-દુઃખ પાણીના ઘડાની પેઠે મારા માથા ઉપર દુર્ભર ભાર લાદે છે. એને ફોડી નાંખીને હું વિશ્વસિંધુના જલમાં ડુબકી મારીશ. આમ મારા માથા ઉપર વિપુલ જલ સહજ રીતે વહી જશે.

સકળ પ્રેમ અને સ્નેહની વચમાં હું હૃદયરાજને આસન સોંપીશ. તારા અસીમ ભુવનમાં રહેવા છતાં મારા ભવનમાં પણ તું રહે-કાવ્યના શબ્દો છંદના બંધનમાં બંધાયેલા રહે છે તેમ.

—રવિન્દ્રનાથ ટાગોર

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૭૫ ] જાન્યુઆરી : ૧૯૭૮ [ અંક : ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| મારૂં બ્યાશીમું વર્ષ (કાવ્ય) | સ્વ. પાદરાકર | ૩૩ |
| સ્વાધ્યાય | ડૉ. સોનેજી—અમદાવાદ | ૩૪ |
| સુમધુર વિચારરાશિ | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૩૯ |
| એક પત્ર | — | |
| ગર્વ ગળી ગયો ત્યારે... | શ્રી કે. જે. દોશી | ૪૫ |
| સમાચાર | | પુંઠું ૪ |


## આ સભાના નવા આજીવન સભ્યો

**શ્રીમતી જીવકુંવરબેન જમનાદાસ શાહ — ભાવનગર**

**શ્રી મહેન્દ્રકુમાર નગીનદાસ શાહ — ભાવનગર**

**શ્રી ભાનુચંદ્ર પદ્મશી દોશી — મુંબઇ**

## સ્વર્ગવાસ નોંધ

મુંબઇના જાણીતા જૈન આગેવાન શ્રી જીવતલાલ પ્રતાપશીભાઇ (ઉંમર વર્ષ ૯૨) સં. ૨૦૩૪ના માગશર વદ ૬ ને શનીવાર તા. ૩૧–૧૨–૭૭ના રોજ સ્વર્ગવાસી થયેલ છે તે જાણી અમો ઘણા જ દિલગીર થયા છીએ. તેઓશ્રી ખૂબ જ મળતાવડા સ્વભાવના તેમજ ધાર્મિક લાગણીવાળા હતા. તેમજ જાહેર ધાર્મિક સંસ્થાઓમાં ખૂબ રસ લેતા હતા. તેઓશ્રી આ સભાના પેટ્રન હતા. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

× × ×

પુનાવાળા શ્રી રૂષભદાસજી રાકાંજી (ઉંમર વર્ષ ૭૪) સંવત ૨૦૩૪ના કારતક વદ ૦)) તા. ૧૦–૧૨–૭૭ ના રોજ પુના મુકામે સ્વર્ગવાસી થયા છે. તે જાણી અમો ઘણા દીલગીર થયા છીએ. તેઓશ્રીના સ્વર્ગવાસ થવાથી જનસમૂહમાંથી એક સજ્જન શિરોમણિ, સરળ–પરિણામી, નિખાલસ, સંવેદનશીલ અને સૌ પ્રત્યે–પોતાના વિરોધીઓ પ્રત્યે પણ–મિત્રભાવ ધરાવતા એક મહાનુભાવ સદાને માટે અદૃશ્ય થયા છે. તેઓ આ સભાના આજીવન સભ્ય હતા. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતી આપે એવી પ્રાર્થના.

## શ્રી મુળચંદજી મહારાજની પુણ્યતીથી

તપાગચ્છાધીપતી પ. પૂ. શ્રી મુળચંદજી મહારાજની પુણ્યતીથી અંગે સંવત ૨૦૩૪ના માગશર વદ ૬ તા. ૩૧-૧૨–૭૭ને શનીવારના રોજ સવારના ૧૦–૦૦ કલાકે આપણી સભામાં લાઇબ્રેરી હોલમાં પંચપરમેષ્ટીની પૂજા ભણાવી હતી. ભાઈ બહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. ગવૈયા શ્રી શાંતીલાલભાઇએ રાગરાગણી પૂર્વક પુજા સ્તાવનાદી ગાઇને સારી જમાવટ કરી હતી પુજામાં કળીના લાડુની પ્રભાવના કરવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

• તંત્રી : **શ્રી** ગુલાબચંદ લલ્લુભાઈ શાહ •

| વર્ષ : ૭૫ | વિ. સં. ૨૦૩૪ પોષ : **જાન્યુઆરી** ૧૯૭૮ | અંક : ૩ |
|---|---|---|

## મારૂં બ્યાશીમું વર્ષ

રચયિતા : સ્વ. પાદરાકર

ફિલસૂફી સમજાવશો કો, વર્ષગાંઠ તણી ભલા;
મર્મ મોંઘા દાખવો કો, જન્મ દિવસ તણા અહા.
પૂછતાં પંડિત પુરાણી, ગોતતાં સૌ શાસ્ત્રને;
ના બતાવે તત્ત્વજ્ઞાની, તત્ત્વ નવલતણાં કદા.
આશિષ વડીલો આપતા, અભિનંદતા સ્નેહીજનો;
શા માટે, કો કહેતું નથી, પણ એ જ માર્ગે સૌ જતાં.
પ્રભુનાં દીધાં એ પરમ ધન, જો માનવી સંભાળતો;
આદેશ પ્રભુના પાળવાની, જીવન-ધર્મ-ગીતા સદા.
ગત વર્ષ જીવનની કિતાબે, શા જમા ખર્ચો થયા;
કે કર્મના ઉધાર અદકા, સૌ હિસાબો થઈ જતા.
તેં તો નામુ રાખ્યું છે વાસી, ખાતાવહી દોરી નથી;
જોને હૈયાનો ચોપડો તો, કિતાબ તુજ કોરી નથી.
એથી જ વીત્યે વર્ષ, ચોખ્ખા ચોપડા કરવા રહ્યા;
ને મેળ નવલા દોરવાના, વર્ષગાંઠે સર્વદા.
સદ્ધર્મ નીતિ શીલ સેવા, સંત સદ્ગુરુદેવની;
પ્રભુ ભક્તિનાં રગરગ રસાયણ, નવલ વર્ષ ભરાય હાં.
સેવા ગરીબોની પીડિતની, અશ્રુ લૂછ અનાથનાં;
મંગલ ઘડી જો જન્મ દિનની, પરહિતે અર્પીએ ત્યાં.
દિલમાં ભર્યા કુડ કપટ, સર્પો રાગ દ્વેષ ને કામના;
એ ટાળવા માનવ થવું, ને દેવ બનવા ભાવના.
પ્રભુ પ્રેરશો મહાબળ નિજાત્મે, નવલ વર્ષ જ માણવા;
મણિમય વસંત સદા ખીલો, આદર્શ ભારતવર્ષનાં.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાધ્યાય

લેખક : ડૉ. સોનેજી-અમદાવાદ

**સ્વાધ્યાયનું સ્વરૂપ :**

સમતાભાવને પ્રાપ્ત થયેલા પુરૂષો દ્વારા પ્રણીત થવલાં, શાંતભાવને ઉત્પન્ન કરનારાં, સાધકને સાચો મોક્ષમાર્ગ બતાવનારાં વચનોનું શ્રવણ, વાંચન, સ્મરણ, પુનઃસ્મરણ અને ઉપદેશ કરવો તેને સ્વાધ્યાય કહે છે. આ પ્રમાણે જ્ઞાનાર્જનની ભાવનાથી પ્રેરિત થઈ, સત્સંગના યોગમાં રહી, સત્શાસ્ત્રના વાંચન વિચારમાં પ્રમાદરહિતપણે વર્તવું તે સ્વાધ્યાય છે.

**સ્વાધ્યાયનો હેતુ :**

સાધકનું ધ્યેય આત્મશાંતિ છે. તેની પ્રાપ્તિ આત્મસમાધિથી છે, તેની પ્રાપ્તિ આત્મજ્ઞાનથી છે, તેની પ્રાપ્તિ વિવેકથી છે. તે વિવેક હેય-ઉપાદેયના* પરિજ્ઞાનથી થાય છે. તેની પ્રાપ્તિ સ્વાધ્યાયથી થાય છે. આત્મનિષ્ઠ સંતના મુખેથી શ્રવણ કરેલો ઉપદેશ તે પણ સ્વાધ્યાયનો જ એક પ્રકાર છે. અર્થાત્ સદ્‌ગુરૂબોધ અને સ્વાધ્યાય કથંચિત્ એકરૂપ છે.

**હેય અને ઉપાદેય તત્ત્વોનું પરિજ્ઞાન :**

જે છોડવા યોગ્ય, ત્યાગવા યોગ્ય, અપરિચય કરવા યોગ્ય છે તેને હેય કહે છે; અને જે આદરવા યોગ્ય, અંગીકાર કરવા યોગ્ય, ઉપાસના કરવા યોગ્ય હોય તેને ઉપાદેય કહે છે.

**હેય તત્ત્વનું પરિજ્ઞાન :**

આત્મામાં ઉત્પન્ન થતા કામ, ક્રોધ, લોભ, મોહ, માન, મત્સર વગેરે વિકારી ભાવો નિશ્ચયથી છોડવા યોગ્ય છે, કારણ કે તે હોતાં આત્મામાં ક્લેશ અને આકુળતા ઉપજે છે, જેના ફળરૂપે આત્માનો સ્વાભાવિક આનંદ નાશ પામે છે. આમ આત્માના મૂળ સ્વભાવના પ્રતિસ્પર્ધી હોવાના કારણે આવા ભાવો સર્વથા હેય છે.

હવે અહીં વિશેષ એમ છે કે આત્મા સિવાયના અન્ય બાહ્ય પદાર્થોનો આશ્રય લેવાથી (તેમાં ચિત્ત લગાવવાથી) આવા વિકારી ભાવો ઉપજે છે, તેથી જે સાધકને તેવા ભાવો ઇષ્ટ નથી તેણે બુદ્ધિપૂર્વકના તે તે બાહ્ય પદાર્થોના સંસર્ગને છોડવો જોઈએ, અર્થાત્ તેવા બાહ્ય પદાર્થો તેને માટે હેય હોય છે. દૃષ્ટાંતરૂપે દુર્જનોનો સંગ, પરસ્ત્રીસંગ, શિકાર, દારૂ, સ્થૂળ ચોરી, બહુ પદાર્થોનો સંગ્રહ ઈત્યાદિ.

ઉપરોક્ત પદાર્થોના સંસર્ગથી માત્ર વર્તમાનમાં જ ક્લેશાદિ ઉપજે છે તેટલું નથી પણ તે તે પ્રસંગોમાં પ્રવર્તતા આત્મામાં નવા નવા કર્મોનું આગમન થાય છે અને તે કર્મો આત્મા સાથે બંધાય છે. આમ વર્તમાનમાં ક્લેશ અને ભાવિમાં કર્મબંધનરૂપ પરતંત્રતાનું કારણ હોવાથી આવા પ્રસંગો અને ભાવો સાધકને માટે અપરિચય કરવા યોગ્ય છે.

**ઉપાદેય તત્ત્વનું પરિજ્ઞાન :**

આપણો આત્મા સર્વ પ્રકારના વિકારોથી સર્વથા રહિત થાય તે ઉપાદેય છે-એટલે કે આત્માની સર્વવિશુદ્ધ દશા થવી અને તેના જ્ઞાન-આનંદ આદિ ગુણોનો પ્રાદુર્ભાવ થવો, તેમનું સંવેદનમાં-અનુભવમાં આવવું તે જ (એકદેશ શુદ્ધિથી-આંશિક શુદ્ધથી માંડીને સર્વથા શુદ્ધદશા પૂર્ણ શુદ્ધદશારૂપ મોક્ષ અથવા મુક્તિ) સાધકનું ધ્યેય છે.

*છોડવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય વસ્તુના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહીં આત્માની શુદ્ધિને ઉપાદેય ગણી તો તે શુદ્ધિના વિકાસક્રમનું પણ યથાર્થ જ્ઞાન હોવું જરૂરી છે. આ વાત સોનાના દષ્ટાંતથી સારી રીતે સમજી શકાય. જેમ ખાણમાંથી કાઢેલું સોનું એકવલું, બેવલું, ત્રણવલું એમ થતાં થતાં સોળવલું એટલે સર્વથા શુદ્ધ થાય છે, તેમ આત્માની શુદ્ધિ વિષે પણ તેવો જ ક્રમ છે. આત્મા સાથે જ્યાં સુધી કર્મો લાગેલાં છે ત્યાં સુધી તે મલિન છે. જે પ્રમાણે અગ્નિ, તેજાબ આદિના પ્રયોગથી સોનામાં રહેલી અશુદ્ધિ ઓછી થતી જાય છે, તેમ સાચા જ્ઞાન સંયમાદિના અનુસરણથી આત્મા સાથે લાગેલાં કર્મો છૂટતાં જાય છે અને અશુદ્ધિના હેતુભૂત નવાં કર્મો લાગતાં ન હોવાથી ક્રમેક્રમે શુદ્ધ થતો આત્મા સર્વથા શુદ્ધ થઈ જાય છે.

આ પ્રમાણેના આત્મશુદ્ધિના વિકાસક્રમનો સાક્ષાત્કાર કરવાની જિજ્ઞાસા ઉપજી છે જેને તેવા સાધકે સર્વ પ્રથમ જ મારે શાશ્વત આનંદ પ્રાપ્ત કરવો છે એવો પાકો નિર્ણય કરવો અને પછી તેવો આનંદ વધતે ઓછે અંશે પ્રગટ કર્યો છે જેમણે એવા શ્રીસદ્‌ગુરૂ અથવા સત્‌પુરૂષની વાણીનું તેમના સાન્નિધ્યમાં રસપાન કરવું. જ્યાં આવો પ્રત્યક્ષ સમાગમનો યોગ ન બની શકે ત્યાં ગ્રંથારૂઢ અથવા યંત્રારૂઢ (ટેપરેકોર્ડ) થયેલાં તેમનાં વચનામૃતોનું એકનિષ્ઠાથી રૂચિપૂર્વક રસપાન કરવું.

આમ જે જે ઉત્તમ શાસ્ત્રો આત્માનું સર્વતોમુખી સ્વરૂપ ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી દર્શાવતાં હોય તે તે સત્શાસ્ત્રના શ્રવણ, મનન, સ્મરણ દ્વારા, સત્સંગના યોગમાં રહી મારા આત્મામાં જ અનંત શાશ્વત આનંદ છે એવો વજ્રલેપરૂપ નિર્ધાર જે સાધકને થાય તેને સ્વાધ્યાયરૂપી તપ સફળ થયું છે તેમ જાણવું.

**સ્વાધ્યાયનું વિશેષ સ્વરૂપ :**

(૧) નિયમિતપણે સદ્‌ગ્રંથોનું વારંવાર વાંચન :-યદ્યપિ સ્વાધ્યાયનો મુખ્ય હેતુ તો સ્વરૂપ પ્રાપ્તિ છે, પરંતુ સ્વરૂપપ્રાપ્તિની ભૂમિકાને પહોંચતાં પહેલા સ્વરૂપનિર્ણયની આવશ્યકતા છે. હવે અહીં વિશેષ એમ છે કે પારમાર્થિક સ્વરૂપનિર્ણય માત્ર બુદ્ધિબળ કે તર્કબળની જ અપેક્ષા નથી રાખતો પરંતુ બીજા પણ વૈરાગ્ય, શાંતભાવ, મધ્યસ્થતા, તીવ્ર મુમુક્ષુતા ઇત્યાદિ ગુણોની અપેક્ષા રાખે છે અને તેથી આવા ગુણોનું સિંચન પોતાના જીવનમાં જે જે જ્ઞાનભાવનાઓ દ્વારા થાય તે તે જ્ઞાન ભાવનાઓનો ઉદ્યમ સાધક જીવે કરવો રહ્યો. તેથી અધ્યાત્મગ્રંથોના સેવન ઉપરાંત પણ સંસારની અસારતા અને અશરણતા દર્શાવનારા, અન્ય પશુ-નરક આદિ ગતિના પ્રત્યક્ષ પરોક્ષ દુ:ખોનું વર્ણન કરનારા, કર્મોની અનેક વિચિત્રતાઓનું નિરૂપણ કરનારા અને ભુતકાળમાં થઇ ગયેલા ભિન્ન ભિન્ન કોટીના અનેકવિધ સંત, મહાત્મા મુનીશ્વરાદિના જીવનચરિત્રોનું આલેખન કરનારા શાસ્ત્રોનું વાચન મનન પણ સાધક જીવને ખૂબ જ ઊપકારી છે. આ પ્રકારે વાચનરૂપી સ્વાધ્યાયમાં નિયમિતપણે પ્રવર્તવાથી સાધકને વિષયની વિવિધતા, દ્રષ્ટિની વિશાળતા, જ્ઞાનની સૂક્ષ્મતા અને આચાર્યો પ્રત્યેની ભક્તિ આદિ અનેક લાભદાયક સદ્‌ગુણોની પ્રાપ્તિ થાય છે.

વાચન કરવા માટે શાંતિવાળું સ્થાન વધારે ઉપયોગી છે, જેથી બહારના ઘોંઘાટ, ટેલીફોનની ઘંટડીઓ, મહેમાનોની અવરજવર વગેરે કારણોથી ચિત્તની સ્થિરતામાં ભંગ ન થાય. આ માટે સ્વાધ્યાયનો ખંડ જુદો હોય અથવા પુસ્તકાલયમાં જો વાંચવાનું બની શકે તો વાચન વધારે સારૂં થશે અને વાંચેલું સારી રીતે યાદ રહેશે.

આધ્યાત્મિક વાચનમાં પુનરૂક્તિરૂપી દોષ નથી. ઉત્તમ ગ્રંથો જેટલી વાર વાંચીએ તેટલી વાર બે પ્રકારના લાભ થાય છે. પહેલા વાચનથી જે સમજમાં આવ્યું હતું તે બીજા વાચનથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાકું થાય છે અને ફરી ફરી વાંચતી વખતે નવા નવા અર્થો સમજાય છે અને તેથી પોતાની દૃષ્ટિ અને સમજણ વિસ્તાર પામે છે, શાસ્ત્રકર્તા પ્રત્યે બહુમાન જાગે છે અને ચિત્ત પ્રસન્ન થાય છે, માટે વધારે અગત્યના શાસ્ત્રોનો સ્વાધ્યાય અનેકવાર કરવો જોઇએ.

## સ્વાધ્યાય માટેનાં ગ્રંથોની પસંદગી :

આત્માની ઉન્નતિ અર્થે સ્વાધ્યાયરૂપી તપમાં જોડાવાનું છે. તેથી સાધકે, ગ્રંથોની પસંદગી કરતી વખતે વિશાળ અને સર્વતોમુખી દૃષ્ટિ સહિત નીચેના મુદ્દાઓ ખાસ લક્ષમાં રાખવા.

(૧) વૈરાગ્ય અને ઉપશમને પોષક હોય. (૨) વીતરાગતાનું જેમાં માહાત્મ્ય વર્ણવ્યું હોય. (૩) મતમતાંતરનો આગ્રહ છોડાવે અને વાદવિવાદમાંથી મુક્ત કરાવે તેવાં હોય. (૪) આત્માર્થ આરાધનની દૃષ્ટિ દ્રઢ કરાવે તેવા હોય. (૫) સંસારી જીવોને દીર્ઘકાળથી કોઠે પડી ગયેલા એવા સ્વચ્છંદ અને પ્રમાદનો નિષેધ કરી નિરંતર આત્મજાગૃતિની પ્રેરણા આપનાર હોય. (૬) સાધકને શાંતરસમાં રૂચિ ઉત્પન્ન કરાવી, તેમાં જ દ્રઢપણે બુદ્ધિને સ્થિર કરાવી, ચિત્તની ચંચળતામાં કારણભૂત એવા આરંભ–પરિગ્રહનું અલ્પત્વ કરવા માટેની આજ્ઞા આપવાવાળા. (૭) સાધકમાં રહેલાં અનેકવિધ દોષોનું નિરૂપણ કરી તે દોષોનું સાધકને સ્પષ્ટપણે દર્શન કરાવનારા. (૮) વસ્તુસ્વરૂપને યથાર્થપણે દર્શાવી સંશયાદિ અનેક દોષોને ટાળી જ્ઞાનને નિર્મળ કરનારા અને મોક્ષમાર્ગમાં સાધુને સ્થિરતા ઉપજે તેવા સત્સાધનોનો સ્પષ્ટ નિર્દેશ કરનારા. આવા ગુણોથી અલંકૃત ઉપદેશ જે શાસ્ત્રોમાં આપવામાં આવ્યો હોય તેવા શાસ્ત્રોની પસંદગી સ્વાધ્યાય માટે કરવી હિતાવહ છે.

## લેખીત સ્વાધ્યાય :

જેમને ઓફીસે, દુકાને કે નોકરીએ જવાનું છે તેમણે એક નાની પોકેટ–સાઈઝની ડાયરી રાખવી જોઈએ. આ ડાયરીમાં નાના–નાના, સુંદર, મુખ્યપણે પદ્યાત્મક સદ્‌વચનોનો સંગ્રહ લખવો. જ્યારે જ્યારે ઘરની બહાર નીકળીએ ત્યારે બસ કે ટ્રેનની મુસાફરીમાં અથવા રીસેસમાં અથવા ઘરાકી ન હોય ત્યારે અથવા બીજા અવકાશને સમયે પોતાના મનને નવરૂં ન રાખતાં આ વચનોના વાચનમાં એવી રીતે જોડવું કે ધીમે ધીમે તે વચનો આપણને યાદ રહી જાય. આ પ્રકારે આવા સદ્‌વચનો સ્મૃતિમાં રહેવાથી રાત્રે અંધારામાં, ધ્યાન દરમ્યાન અથવા આંખોનું તેજ ઘટી જાય તેવે સમયે આત્મચિંતન કરવામાં ઘણાં ઉપયોગી થઈ પડશે. આ રીતે સ્મૃતિમાં રાખેલા વચનો સાધકને નિરંતર જ્ઞાનાભ્યાસમાં અત્યંત ઉપયોગી થાય છે અને આત્મશુદ્ધિના પ્રયોજનમાં નિરંતર સાથીની ગરજ સારે છે.

ઉપરોક્ત વિધિથી જેમ નાની પૉકેટ ડાયરીમાં સ્મૃતિમાં રાખવા માટે વચનો લખ્યાં તે પ્રકારે મોટા પાયા ઉપર લેખીત સ્વાધ્યાય નિવૃત્તિના (૧/૨ કલાકથી વધારે એક સાથે) સમયમાં કરવાનો છે. આ માટે ત્રણસોથી ચારસો પાનાનો એક ચોપડો અથવા રોજમેળની સાઈઝની પાકા પુંઠાની નોટ વાપરવી સરળ પડશે. જેટલું વાંચીએ તેનાથી ચોથા ભાગનું પણ જો લખીએ તો જે સદ્‌વચનો લખ્યાં હોય તેનો ભાવ વધારે સ્પષ્ટપણે ભાસે છે અને તેથી સમજવામાં, સ્મરણમાં રાખવામાં અને મનન કરવામાં વધારે અનુકૂળતા રહે છે. ધીમે ધીમે બોલતાં બોલતાં જો લેખીત સ્વાધ્યાય કરવામાં આવે તો હાથ, આંખો, જીભ, કાન અને ચિત્ત એમ શરીરના પાંચ અંગો એકી સાથે સાધનામાં જોડાશે અને આમ લખેલાં વચનોનો ઘનિષ્ટ અને સર્વતોમુખી પરિચય થતાં સાધકને જ્ઞાનાર્જનમાં સુવિધાથી સફળતા સાંપડશે.

આ ઉપરોક્ત પ્રકારની સ્વાધ્યાય–પદ્ધતિને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્યારે આત્મસાધનાના અંગરૂપે જ બનાવી લેવામાં આવશે ત્યારે તેનાથી થતા લાભનો સાધકને પોતાને જ અનુભવ થશે અને સાધનાનું એ અંગ તેને માટે એક દૈનિકચર્યાનો વિષય થઈ જશે.

**પરિવર્તનારૂપી સ્વાધ્યાય :**

સ્વાધ્યાયનો આ પ્રકાર આમ્નાય અથવા ઘોષણા નામથી પણ ઓળખાય છે. વાચન અથવા લેખન દરમિયાન જ્યારે થાકી જઈએ ત્યારે અથવા ધ્યાનમાં ચિત્તની એકાગ્રતા ન થાય તેવે વખતે સ્વાધ્યાયનો આ પ્રકાર ખાસ ઉપયોગી થઈ પડશે.

આ પ્રકારના સ્વાધ્યાયમાં જ્ઞાન–ધ્યાન–તપ–વૈરાગ્ય–ભક્તિ આદિ અધ્યાત્મસાધનાના વિવિધ અંગોમાં પ્રેરણારૂપ થાય તેવા સદ્વચનોનું ઉચ્ચારણ કરવાનું હોય છે. તે ઉચ્ચારણ સ્પષ્ટ શબ્દોમાં એવી રીતે કરવું જોઈએ કે તેથી ઉત્પન્ન થતો ધ્વનિ પોતે પણ સાંભળી શકે. અને આજુબાજુના સાધકો પણ સાંભળી શકે. તાત્પર્ય કે તે ઉચ્ચારણ નહીં બહુ ઊંચા અને નહીં બહુ નીચા એવા સ્વરમાં હોવું જોઈએ.

આ પ્રકારનો અભ્યાસ, સામાન્ય સાધકથી, જ્યારે પોતે તીર્થયાત્રા કે સત્સંગની ઘનિષ્ટ સાધના માટે નિવૃત્તિક્ષેત્રમાં ગયો હોય ત્યારે સારી રીતે બની શકે છે. આ સ્વાધ્યાય પોતે એકલો કરી શકે કે પોતાના સહ-સાધકો સાથે પણ કરી શકે. આ પ્રકારના સ્વાધ્યાયનો જેણે થોડા મહિનાઓ સુધી સારી રીતે અભ્યાસ કર્યો છે તેને ચિત્તની નિર્મળતા સહિત કવચિત્ રોમાંચ, કવચિત્ અશ્રુપાત, કવચિત્ ગદ્ગદ્તા અને કવચિત્ ભાવાવેશનો અનુભવ થાય છે. જે તેના જીવનને ચિત્તપ્રસન્નતાથી અને સાત્વિક રસાનંદથી તરબોળ કરી દે છે.

**સ્વાધ્યાયનું મહાત્મ્ય અને ફળ :**

અતિ પ્રાચીન કાળથી અત્યાર સુધી થયેલા સંતજનો, આચાર્યો અને ધર્મધુરંધરોએ, એકમત થઈને સ્વાધ્યાયને આત્મસાધનાના અભિન્ન, અત્યંત મહત્વના અને અનિવાર્ય અંગ તરીકે સ્વીકાર્યો છે. સ્વાધ્યાય એ એક એવું તપ છે કે જેમાં અલ્પ અથવા નહિવત્ કષ્ટ છે અને જેમાં જઘન્ય, મધ્યમ કે ઉત્તમ કોઈપણ કોટીના સાધકો સહેલાઈથી જોડાઈ શકે છે. જેને વાંચતા ન ફાવતું હોય તે અન્ય પાસેથી સાંભળીને તેનો અર્થ સમજી શકે છે, અને જેને અર્થ સમજવામાં મુશ્કેલી પડે તેમ હોય તે વિશેષજ્ઞાની પાસેથી ધીમે ધીમે અભ્યાસ કરવાથી સમજી શકે છે. સ્મૃતિ ઓછી છે તેથી અમને કાંઈ યાદ રહેતું નથી એવું બહાનું કાઢનારાઓને વ્યવહાર જીવનની આંટીઘૂંટીવાળી અનેક બાબતો ખૂબ જ સારી રીતે યાદ રહી જાય છે. આમ બનવાનું કારણ એ જ છે કે તેઓએ સ્વાધ્યાયમાં પોતાની રૂચિ કેળવી નથી અને અપૂર્વ પ્રેમથી સંતના વચનોનો અભ્યાસ કરવાનો ઉદ્યમ કર્યો નથી, નહીં તો નક્કી છે કે પોતાનું જ સહજ સ્વરૂપ સમજાવનારા સીધા, સાદા, સરળ અને સુખશાંતિ ઉપજાવનારા સંતોના વચનામૃત તેમને અવશ્ય કરી સહેલાઈથી સમજાય

આમ જ્યારે એકબાજુ સ્વાધ્યાય અલ્પકષ્ટ સાધ્ય છે ત્યારે બીજી બાજુ તેના અનેક ઉત્તમોત્તમ ફળ એવાં છે કે તેનું વર્ણન ખરેખર કોઈ કરી શકે તેમ નથી.

આત્મસ્વરૂપનું જ્ઞાન કહો કે તત્ત્વનો યથાર્થ નિર્ણય કહો; હેય–જ્ઞેય–ઉપાદેયનું પરિજ્ઞાન કહો, જડ–ચેતનની ભિન્નતાનું ભાન કહો કે સત્–અસત્ની પૃથકતાનું ભેદવિજ્ઞાન (વિવેક) કહો તે બધાની પ્રાપ્તિ સ્વાધ્યાયરૂપી તપનું યથાર્થ આરાધન કરવાથી જ થાય છે. આમ આ મુખ્ય ફળ ઉપરાંત બીજા પણ અનેક લાભ સ્વાધ્યાયથી થાય છે જેવાં કે–

૧) બુદ્ધિ વધે છે. ૨) ચિત્તના ભાવોની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શુદ્ધિ થાય છે. ૩) બાકીના બધા પ્રકારના બાહ્ય અને અભ્યંતર તપમાં પ્રવર્તવાની પ્રેરણા અને તે તે પ્રકારના વિવિધ તપમાં પ્રવર્તવાની વિધિ અને ક્રમનું જ્ઞાન પણ આ સ્વાધ્યાયરૂપી તપ વડે જ પ્રાપ્ત થાય છે. ૪) જ્ઞાની મહાત્માઓના વચનોમાં ચિત્ત લાગેલું રહે છે. ૫) લીધેલા વ્રતોમાં દોષ ( અતિચાર ) લાગતા નથી. ૬) સંશયનો નાશ થાય છે. ૭) અજ્ઞાની પુરૂષોના ઉપદ્રવથી નિર્ભયતા ઉત્પન્ન થાય છે. ૮) મોક્ષ-રૂપ પુરૂષાર્થ સિવાયની અન્ય ઇચ્છાઓ ઘટી જવાથી મુમુક્ષુતા વર્ધમાન થાય છે, સંકલ્પ-વિકલ્પોનું મંદપણું થાય છે અને ચિત્તવૃત્તિ અંતર તરફ વળવાથી ધ્યાનનો અભ્યાસ સરળ-તાથી અને સફળતાપૂર્વક થઈ શકે છે.

આવા અનેકવિધ અને ઉત્કૃષ્ટ ફળોને આપનારા સ્વાધ્યાયમાં કયો સાધક ઉદ્યમી નહીં થાય ?

卐

## પ્રેરણાની પરબ

જીવનને ખરે અવસરે, જેમ બેન્કમાં મૂકેલું દ્રવ્ય અને તેનું વ્યાજ કામ લાગે છે, તેમ ગુરુ અને જ્ઞાની પાસેથી સાંભળેલા ઉપદેશ, જીવનની વિષમ વિપત્તિની પળોમાં ખૂબ ઉપયોગી નીવડે છે.

× × ×

હાથના પંજાને અને તેની પ્રત્યેક આંગળીને જેમ વિશિષ્ટ કાર્ય કરવાનાં છે તેમ વ્યક્તિએ પણ સમાજના અંગ બની જીવવાનું છે; એકત્વ સાધવાનું છે. યાદ રાખજો કે સ્વની વિચારણા એ અંધકાર છે; સર્વની ભાવના એ જીવનનો અમર પ્રકાશ છે.

*With best compliments from* :

**Steelcast Bhavnagar Private Ltd.**

Manufacturers of :

STEEL & ALLOY STEEL CASTINGS

Ruvapari Road,
BHAVNAGAR 364 001
( Gujarat )

Gram : STEELCAST
Telex : 0162-207
Phone : 5225 (4 Lines)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુમધુર વિચારરાશિ

## સ્વ. મનસુખલાલ તારાચંદ મહેતાની ડાયરીમાંથી

✡ વિનય એટલે વિશિષ્ટ નીતિ. નીતિ એ ધર્મનો પાયો છે. ગુરૂજનના વિનયથી સતસંગ થાય છે, રહસ્ય સમજાય છે અને રહસ્ય જાણ્યા પછી વિકાસપંથે જવાય છે અને એ વિકાસથી દેવગતિ કે મોક્ષગતિ પમાય છે.

✡ જૈનદર્શનમાં પુણ્ય અને નિર્જરા એવા આત્મવિકાસનાં બે અંગો છે. પુણ્યથી સાધનો પ્રાપ્ત થાય છે, અને સત્યધર્મને સમજી તે સાધનો દ્વારા પતિત ન થતાં આત્મવિકાસને માર્ગે જવાય છે તેને નિર્જરા કહેવાય છે. સાચા ધર્મીને નટની ઉપમા આપી શકાય. તે નાચવા છતાં તેની દૃષ્ટિ તો તેના દોર પર જ હોય તેમ સદ્ધર્મીની દૃષ્ટી તો સાધનોનો ઉપયોગ કરતાં કરતાં પણ મોક્ષ તરફ જ હોય.

✡ અજ્ઞાન કે અવિદ્યા એ જ સંસારનું મૂળ છે. તે કેવળ શાસ્ત્ર ભણ્યેથી કે વાણી દ્વારા મોક્ષની વાતો કરવાથી નાશ થઈ શકે નહીં. અજ્ઞાનને નિવારવા તો કઠણમાં કઠણ પુરૂષાર્થ અને વિવેક કરવો જોઈએ. માત્ર વેષપરિવર્તનથી વિકાસ ન થઈ શકે. હૃદયપરિવર્તન થવું જોઈએ. આથી જ જૈન દર્શન જ્ઞાન–ક્રિયાનું સાહચર્ય સ્વીકારે છે.

✡ રાગ અને લોભના ત્યાગથી મન સ્થિર થાય છે. ચિત્ત સમાધિ વિના યોગની સાધના નથી. યોગ સાધના એ તો ત્યાગીનું પરમ જીવન છે. તે સાધવા માટે કંચન અને કામિની એ બન્નેનાં બંધન ક્ષણે ક્ષણે નડતરરૂપ છે. તેને ત્યાગવા તો છે જ પણ ત્યાગવા છતાં આસક્તિ રહી જાય છે. તે આસક્તિથી દૂર રહેવા સતત જાગૃત રહેવું એ જ સંયમી જીવનનું અનિવાર્ય ગણાતું કાર્ય છે.

✡ બાહ્ય યુદ્ધોનો વિજય ક્ષણિક હોય છે અને પરિણામે પરિતાપ જ ઉપજાવે છે. શત્રુનો પોતે શત્રુ બની પોતાના બીજા અનેક શત્રુઓની પરંપરા ઊભી કરે છે. આથી તેવા યુદ્ધની પરંપરા જન્મોજન્મ ચાલ્યા કરે છે, અને તેથી યુદ્ધથી વિરામ મળતો જ નથી. અને એ વાસનાને કારણે જ અનેક જન્મ લેવા પડે છે. માટે બહારના શત્રુઓ જેથી ઉત્પન્ન થાય છે, તે શત્રુઓ કે જે હૃદયમાં ભરાઈ બેઠા છે તેને હણવા માટે પ્રયાસ આદરવો એ જ મુમુક્ષુનું કર્તવ્ય છે.

✡ તપશ્ચર્યા એટલે આશાનો નિરોધ. આશાને રોકી એટલે જગત જીત્યા. આશાધારી તો આખુંએ જગત છે. એ આશામય પ્રવૃત્તિ તે જ સંસાર છે અને આશા વિરહિત પ્રવૃત્તિ એ જ નિવૃત્તિ છે.

✡ પ્રમાદ એટલે આત્મસ્ખલના અને આત્મસ્ખલના એ જ પતન. આપણી સૌની પ્રત્યેક ઈચ્છાઓ વિકાસ અર્થે જ છે. તેથી આત્મ વિકાસમાં જાગૃત રહેવું કે સાવધાન થવું તે જ આપણું ધ્યેય હોવું જોઈએ અને તેનું નામ જ અપ્રમત્તતા છે.

✡ મનુષ્ય જીવનની એકેક ક્ષણ અમૂલ્ય રત્ન સમાન છે, અમૃત સમાન છે. આપણે જે ભૂમિકા પર છીએ તે ધર્મ પર સ્થિર રહી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપ્રમત્ત રીતે આગળ વધીએ તો આ જીવનયાત્રા સફળ થઈ જાય. ફરી ફરી આ સમય અને આ સાધનો સાંપડવાના નથી. માટે મળેલાનો સદુપયોગ કરવો અને ક્ષણે ક્ષણે સાવધ રહેવું.

☼ જાતિના વિધાન મદ માટે નથી. વર્ણવ્યવસ્થા કર્મ પ્રમાણે નિયત થઈ હતી. તેમાં ઉંચ નીચના ભેદોને સ્થાન ન હતું. જ્યારથી ઉંચ નીચના ભેદોને સ્થાન મળ્યું, ત્યારથી તે વ્યવસ્થા મટી તિરસ્કાર અને અભિમાનના પૂંજોમાં પલટાઈ ગઈ. ભગવાન મહાવીરે જાતિવાદનાં ખંડન કર્યાં, ગુણવાદને સમજાવ્યો, અભેદભાવના અમૃત પાયાં અને દીન, હીન અને પતિત જીવોના ઉદ્ધાર કર્યાં.

☼ હૃદયના પરિવર્તન ચારિત્રની ચીનગારીથી થાય છે. જ્યાં આ ચારિત્રની સુવાસ મ્હેકે છે ત્યાં મલિન વૃત્તિઓ નાશ પામે છે. ક્ષણવારમાં પ્રબળ વિરોધકોને સેવકરૂપ બનાવી દે છે. જ્ઞાનના મંદિરો ચારિત્રના નંદનવનથી જ શોભે છે. જાતિ અને કાર્યના ઉંચ નીચના ભાવો ચારિત્રના સ્વચ્છ પ્રવાહમાં સાફ થઈ જાય છે. ચારિત્રના પારસ કંઈક લોખંડોને સુવર્ણરૂપમાં પલટે છે.

☼ ત્યાગ એ પરમ પુરૂષાર્થનું પરિણામ છે. ત્યાગના શરણ બળવાન પુરૂષો જ ગ્રહણ કરી શકે છે. ત્યાગ એ સિંહવૃત્તિવાળા પાત્રમાં જ ટકે છે. સૌ જીવો આત્મપ્રકાશને ભેટવા તત્પર હોય છે. પુરૂષાર્થ પણ કરે છે, અપાર દુઃખ પણ વેઠે છે, છતાં વાસનાની આંટીમાં ફસાયેલા પ્રાણીનો પુરૂષાર્થ ઘાણીના બળદની માફક ત્યાંને ત્યાં જ રાખી મૂકે છે. આસક્તિનો રોગ ચિત્તની વિશુદ્ધિ થવાથી નાશ પામે છે. શુદ્ધ વૈરાગ્યના પરિણમન તેવા જ અંતઃકરણમાં સહજ સહજ થઈ જાય છે.

☼ તપશ્ચર્યાથી પૂર્વકર્મનો ક્ષય થતો હોય છે. પૂર્વકર્મ ક્ષય થવાથી આત્મા હળવો બને છે અને તેનો વિકાસ થાય છે. પુણ્યકર્મથી સુંદર સંપત્તિ મળે, પરંતુ સંપત્તિથી આત્મા ભારી બનવા સંભવ છે. તેથી જ મહાપુરૂષો પુણ્ય ન ઇચ્છતાં માત્ર પાપકર્મનો ક્ષય જ ઈચ્છે છે અને નિરાસક્તપણે કર્મોને ભોગવી લેવા જોઇએ.

☼ સંસાર આખો જ જ્યાં નાટક છે ત્યાં બીજા નાટકો શા જોવા? જે સ્થળે ક્ષણ પહેલા નૃત્ય અને સંગીત થઈ રહ્યા હોય છે ત્યાં જ થોડી ક્ષણો બાદ હાહાકાર ભર્યા કરૂણ રૂદનો થાય છે. ત્યાં સંગીતકોને માનવા? આભૂષણો બાળકની ચિત્તવૃત્તિને પોષવાના રમકડા છે, ત્યાં સમજુને મોહ શા? ભોગો તો આધિ–વ્યાધિ ને ઉપાધિ–ત્રણે તાપનાં મૂળ છે, દુઃખના મૂળમાં સુખ શી રીતે સંભવે?

☼ આસક્તિ એ જ દુઃખ છે, આસક્તિ એજ બંધન છે. તેવું બંધન જેથી થાય તે વસ્તુઓને છોડી દેવી અને પાંચ ઇંદ્રિયોને સંયમમાં રાખી તેનાથી યોગ્ય કાર્ય લેવું એ જ સાધકને માટે આવશ્યક છે. કાનથી સત્પુરૂષોના વચનામૃતો પીવાં, જીભથી સત્ય બોલવું, શરીરથી સત્કર્મ કરવું, આંખોથી સદ્‌વાંચન કરવું અને મનથી ધ્યાન અને ઊંડુ ચીંતન કરવું એ જ ઈંદ્રીયોનો સંયમ ગણાય.

☼ ચારિત્ર શીલનું મૌન જે અસર ઉપજાવે છે તે હજારો પ્રવક્તાઓ કે લાખો ગ્રંથો ઉપજાવી શકતા નથી. જ્ઞાનનું ફળ ચારિત્રનું સ્ફુરણ છે. ચારિત્રની એક જ ચીનગારી સેંકડો જન્મોના કર્માવરણ (માયાજાળ)ને બાળી શકે છે. ચારિત્રની સુવાસ કરોડો કલ્મષો (પાપ)ને નિર્મળ કરી શકે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

- સંસાર આખો દુઃખમય છે, પણ તે સંસાર બહાર નથી, નરકગતિ કે પશુગતિમાં નથી, તે સંસાર તો આત્માની સાથે જડાયેલો છે. વાસના એ જ સંસાર–આસક્તિ, એ જ સંસાર. આવા સંસારથી જ દુઃખ જન્મે છે, પોષાય છે અને વધે છે. બહારના બીજા શારીરિક કષ્ટો કે અકસ્માત, આવી પડેલી સ્થિતિનું દુઃખ એતો પતંગ રંગ જેવું ક્ષણિક છે. તે દુઃખનું વેદન થવું કે ન થવું તેનો આધાર વાસના પર છે. આટલું જેણે જાણ્યું, વિચાર્યું, અને અનુભવ્યું તેઓ જ આ સંસારની પાર જવાનો પ્રયત્ન કરી શકયા છે.

- કદાચ શરીરની વેદના હરવાનું ઔષધ હશે, બાહ્ય બંધનોની વેદના તોડવાના શસ્ત્રો પણ મળી આવશે, પરંતુ ઊંડી ઊંડી થતી આત્મવેદનાને દૂર કરવાના ઔષધ કયાંય નથી. આત્માની અનાથતાને દૂર કરવા માટે બહારના કોઇ સામર્થ્ય કામ આવી શકતા નથી. પોતાના સનાથ માટે પોતે જ સાવધાન થવું ઘટે. બીજા અવલંબનો એ જાદુગરના તમાશા છે, આત્માના અવલંબન એ જ સાચા સાથી છે.

- સરલભાવ, તિતિક્ષા, નિરભિમાનતા, અનાસક્તિ, નિંદા કે પ્રશંસા બન્ને સ્થિતિમાં સમાનતા, પ્રાણીમાત્ર પર સમભાવ, એકાંત વૃત્તિ અને સતત અપ્રમત્તતા, આ આઠ ગુણો એ ત્યાગધર્મની ઈમારતના પાયા છે. તે પાયા જેટલા પરિપકવ અને પુષ્ટ તેટલું ત્યાગી જીવન ઉચ્ચ અને સુવાસિત. એ સુવાસમાં અનંત ભવ નષ્ટ ભ્રષ્ટ થઈ જીવાત્મા ઉંચી ને ઉંચી ભૂમિકામાં જઇ આખરે અંતિમ લક્ષ્યને પામી જાય છે.

- જ્ઞાન–દર્શન–ચારિત્ર. એ ત્રણની પૂર્ણ સાધના થયેથી જૈન દર્શન મુક્તિ માને છે. જ્ઞાન એટલે આત્માની ઓળખાણ, દર્શન એટલે આત્મદર્શન અને ચારિત્ર એટલે રમણતા. આ ત્રિપુટીની તન્મયતા જેમ જેમ વૃદ્ધિગત થતી જાય તેમ તેમ કર્મના બંધનો શિથીલ થાય અને કર્મોથી સાવ મુક્ત થઈ જવાય તે સ્થિતિને મુક્તિ કહેવાય.

- અસાવધાનતા વિકાસની રોધક છે. ગમે તેવી સુંદર ક્રિયા હોય, પરંતુ અવ્યવસ્થિત હોય તો તેના કશાએ મૂલ્ય નથી. વ્યવસ્થા અને સાવધાનતા એ બન્ને ગુણોથી માનસિક સંકલ્પબળ વધે છે. સંકલ્પબળ વધવાથી આવી પડેલા સંકટો કે વિરોધક બળો પરાસ્ત થાય છે અને ધારેલું ઈષ્ટ પાર પડે છે.

- જન્મ–મૃત્યુના દુઃખનું મૂળ કર્મબંધન છે. તે કર્મબંધનનું મૂળ મોહ છે અને મોહ, તૃષ્ણા, રાગ કે દ્વેષ ઈત્યાદિમાં પ્રમાદ મુખ્ય પાઠ ભજવનાર પાત્ર છે. કામભોગોની આસક્તિ એ જ પ્રમાદના સ્થાન છે. પ્રમાદથી અજ્ઞાનની વૃદ્ધિ થાય છે અજ્ઞાન કે મિથ્યાત્વથી શુદ્ધ દષ્ટિનો વિપર્યાસ થાય છે, અને ચિત્તમાં મલિનતાનો કચરો જામે છે. એવું મલિન ચિત્ત મુક્તિમાર્ગની અભિમુખ થઇ શકતું નથી.

- જે મૃત્યુના ભયને જીતે છે તે જ મૃત્યુને જીતી શકે છે એમ ગણાય. મૃત્યુને ભેટવું એ જ્ઞાની સાધકને મન જીવન જેવી સહજ લહાણ છે. મૃત્યુ એ તો નવજીવનની પૂર્વદશા છે એવી જેને પૂર્ણપ્રતીતિ છે, તે મૃત્યુનો વિજેતા છે, તે જ જીવનનો સાચેસાચો વિજેતા છે.

- જેણે વાસ્તવિક ધર્મને જાણ્યો હોય, અને જેને કર્મના અચળ કાયદામાં વિશ્વાસ હોય તે જરૂરિયાત સિવાય કશુંયે ન વાપરી શકે ન આચરી શકે, ન સંગ્રહી શકે. અથવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બીજી રીતે કહીએ તો જેણે પોતાની જરૂરિયાત સંકોચી છે, તેણે જ ધર્મને યથાર્થ જાણ્યો છે. ધર્મ એ અમુક સ્થાને પાળવાની કે શબ્દો દ્વારા ઉચ્ચારવાની વસ્તુ નથી; પણ ધર્મ એ તો જીવન સાથે સંકળાયેલ છે.

☼ ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દુઃખ કે જે કંઈ આવે છે તે બહારથી નથી આવતું. માટે બહાર લડવુ છોડી આંતરીક યુદ્ધ કરો. જેઓ બહારના વૈરીને મારે છે તે વૈરીને નથી મારતા પણ પોતાને મારે છે. કારણ કે વેરનું શમન પ્રેમથી થાય છે. વિશ્વબંધુત્વ કેળવવું એ જ સર્વદુઃખોની મુક્તિનો સરળ ઉપાય છે અને વિશ્વબંધુત્વ ત્યારે જ સધાય કે જયારે સાધક ફુલ જેવો હળવો અને સુગંધમય બની સૌને આકર્ષી શકે.

☼ જ્યાં રાગ દેખાય છે ત્યાં દ્વેષ અવશ્ય છે એમ માનવું, કારણ કે રાગ અને દ્વેષ બંનેનું ઉત્પત્તિસ્થાન એક જ છે. જ્યાં રાગ દ્વેષ છે ત્યાં સંસાર છે જ, અને સંસાર છે ત્યાં દુઃખ પણ છે જ. હ્રદય સાથે આટલો નિશ્ચય થયા પછી દુઃખથી આત્યંતિક નિવૃત્તિ ઈચ્છનાર સાધક લોકોની પ્રવૃત્તિ તરફ ન ઢળતાં કે સ્વપર પ્રત્યે મોહ, વાસના, કે રાગ ન ધરતાં કેવળ પ્રેમમય જીવન બનાવે. સત્ય પ્રત્યેનો પ્રેમ જાગ્યા પછી અનુકંપા, સંયમ, ત્યાગ, અર્પણતા અને નિર્ભયતા, એ બધું ક્રમશઃ જન્મે છે જ.

卐

# એક પત્ર

પ્રિય ભાઈ !

ભાવનગરથી મુંબઈ આવતાં આખા રસ્તે બા-બાપુજીના વાત્સલ્ય અને પ્રેમનું સતત સ્મરણ થતાં આ પત્ર લખવા પ્રેરાયો છું. આપણે બા-બાપુજી પાસેથી શું નથી મેળવ્યું! તે બધું યાદ કરતા આંખમાં ઝળઝળીયા આવી જાય છે. આપણા મા બાપનું મૂલ્ય થઈ શકે તેમ નથી. પણ સામાન્ય મા બાપો પણ સંતતિ માટે શું નથી કરતા !

માબાપ આપણને ભણાવે-ગણાવે, જાત ઘસીને ઉછેરે-મોટા કરે, આપણા શોખો પૂરા કરે, લાડ કરાવે, પૈસા પણ આપે, ધંધો કરાવે કે સેટ કરાવવા કોશીષ કરે, લગ્ન પણ કરાવે, કેમ આપણે સુખી થઈએ તે જ ભાવના.

આ બધી વસ્તુ તો બરાબર છે પણ જે પ્રેમ તેઓ આપણને આપે છે તેનું મૂલ્ય થઈ શકે જ નહીં. જેઓને મા બાપનો પ્રેમ મળેલ નથી તેણે જીવનમાં કશું જ મેળવ્યું નથી. મા બાપના પ્રેમમાંથી જ દિવ્ય પ્રેમની ઝાંખી થાય છે. કેમકે તે પ્રેમમાં કશી જ અપેક્ષા હોતી નથી. Love means no expectations કંઇક બદલો મેળવવો છે તે વિચાર જ તેમાં નથી. જયારે મા બાપ આપણો ઉછેર કરે છે ત્યારે તેમને કદી જ તેવી આશા હોતી નથી કે દિકરો મોટો થાય પછી મને બદલો વાળશે અને એટલે તેનો સારી રીતે ઉછેર કરવો.

માળી જેમ એક વૃક્ષને સીંચે છે તેમજ મા બાપ આપણને અનેક પ્રકારે વિકસાવે છે અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમાં જ તેઓને અનેરો આનંદ આવે છે. પતિ-પત્નીના પ્રેમમાં પણ એકબીજા પાસેથી કંઇક મેળવવું છે એટલે તે પ્રેમ પણ સાવ નિઃસ્વાર્થ નથી. જ્યારે મા બાપનો પ્રેમ તો એક ફળદ્રુપ વૃક્ષ જેવો છે. વૃક્ષ જેમ જેને જોવે તેને વિસામો આપે છે, ડાળ કાપે તેને પણ. તેવી જ રીતે જ્યારે મા બાપ બાળકનો ઉછેર કરે છે ત્યારે તેને કશી જ અપેક્ષા હોતી નથી. તેમનો આશય દિકરો કેમ સુખી થાય તે જ છે અને તે જ તેમના સર્જનનો આનંદ છે. તેમના સુખે જ તેઓ સુખી છે.

તેઓ આપણને કહે તેમાં પણ તેમનો આશય આપણને સુખી કરવાનો જ છે. તેમને અહં નથી કે મારૂં કેમ ન માને? પણ તેઓ એમ માનતા હોય છે કે અમારૂં ન માનીને તેઓ દુઃખી થશે. એટલે જ તેઓ પોતાની વાતનો કેટલેક અંશે આગ્રહ રાખતા હોય છે. નિર્મળ ઝરાની જેમ તેમનો પ્રેમ-ઝરો વહેતો હોય છે, જેમાં નરી સ્વાર્પણતાની જ ભાવના હોય છે.

જેને આ પ્રેમ નથી મળ્યો તેમણે દુનિયામાં કશું જ મેળવ્યું નથી. પૈસા કે ઉચ્ચ હોદ્દા મળશે, તેનાથી અહં જરૂર પોષાશે. અહંનો આનંદ થશે પણ જો પ્રેમ નહીં મળે તો તે બધું એકડા વગરના મીંડા જેવું છે.

પણ દિકરો એ દૃષ્ટિએથી જોવે છે કે તેમણે આપણું કર્યું માટે આપણે કરવું જોઇએ. એ આપણી ફરજ છે, એટલે પણ તેમાં તો ઘર્ષણ છે, ફરજ છે એટલે કરવું પડે છે અને કરે છે. બે પૈસા કમાય છે એટલે માનવા લાગે છે કે પોતે મા બાપનું ઋણ ચુકાવે છે પણ તેથી મા બાપનું ઋણ ચૂકાતું નથી. ફરજ સમજીને જો કાર્ય કરો તે કરતા સમજણથી જે થાય તેમાં જ મજા છે, કેમકે તેમાં ઉમળકો છે દિલનો.

ઘણા માનશે કે મા બાપને અપેક્ષા નથી તો છોકરા માટે કોઇ વખત એમ કેમ બોલે છે કે અમે શું નથી કર્યું? પણ અત્યારે તે દિકરા કેવું કરે છે? પણ ત્યારે મા બાપનું દિલ બળતું હોય છે, તેમાં અપેક્ષા નથી. જીંદગીની સંધ્યાએ જ્યારે તેમને સહારાની જરૂર છે ત્યારે તેમને જે માનસિક અને શારીરિક શાંતિ મળવી જોઇએ તે ન મળે ત્યારે દુઃખ તેમને તેમ બોલાવે છે.

જીંદગીમાં મા બાપને સંતોષવા તરફ સદા દૃષ્ટિ રહો! તેમનામાં દિવ્યતા જુઓ તો જ દિવ્યતા પામશો. જેઓ મા બાપમાં દિવ્યતા નહી જોઈ શકે તે ભગવાનને શું પામશે?

સત્તા, સંપત્તિ અને દેહના સૌન્દર્ય પાછળ ઘેલા બનનારા પાગલોનો જગતમાં તોટો નથી; પણ સત્ય, સંયમ, સાધના અને સમાધિ પાછળ પાગલ બનનાર કેટલા? યાદ રાખજો કે એ લોકો જ વિશ્વના અંધારપંથે પ્રકાશ પાથરી જાય છે.

× × ×

સાકર પણ શ્વેત છે અને ફટકડી પણ શ્વેત છે; પણ માખી તો સાકર ઉપર જ બેસવાની. તેમ, સમ્યગ્દૃષ્ટિ પણ, સત્ય અને અસત્યની પસંદગી પ્રસંગે, સત્યનો જ સ્વીકાર કરવાની.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

: બનાવનારા :

* બાર્જીસ
* લાઇફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* મોયન્ટ એપરેટસ

વિગેરે ..................

શીપ

બીલ્ડર્સ

અને

એન્જીનીયર્સ

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ

વિગેરે ..................

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.
## પ્રાઇવેટ લીમીટેડ

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેક્ટર : શ્રી અમૃતલાલ ભાણજીભાઇ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ-૧૫ (ડી. ડી.)
ફોન : ૪૪૮૩૬૧, ૪૪૮૩૬૨, ૪૪૩૧૩૩
ગ્રામ: 'શાપરીઆ' શીવરી-મુંબઈ

એન્જીનીયરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઈ-૧૨ (ડી. ડી.)
ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ-મુંબઈ




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગર્વ ગળી ગયો ત્યારે....

લે. કે. જે. દોશી

[ જૈન આગમોમાં અગિયાર અંગનું સ્થાન ઘણું મહત્વનું છે. તે ઉપરાંત બારમુ 'દૃષ્ટિવાદ' નામનું અંગ હતું પણ તે અત્યારે લુપ્ત થયેલ છે, પણ તેમાં શું વર્ણવેલ હતું તેની હકીકત બીજા સૂત્રોમાંથી મળી આવે છે. તે 'દૃષ્ટિવાદ'માં ચૌદ પૂર્વનો સમાવેશ થતો હતો. આ 'દૃષ્ટિવાદ' નામના મહત્ત્વના આગમ શાસ્ત્રનો અભ્યાસ કરવા માટે માતા રુદ્રસોમાએ 'વિદ્યા'ના ગર્વમાં ગરક થઈ ગયેલ પુત્ર આર્યરક્ષિતને કઈ રીતે પ્રેરણા આપી આર્યરક્ષિતને આચાર્ય આર્યરક્ષિતસૂરી બનાવ્યા તેની આ કથા છે. ]

આજે દશપુર નામની નગરીમાં એક મોટો ઉત્સવ હતો. લોકોના દિલ આનંદ અને ઉત્સાહથી પુલકિત બન્યા હતા. આ ઉત્સવ હતો વિદ્યાના સત્કારનો. રાજા અને પ્રજા બન્ને ઘણા વિદ્યાપ્રેમી એટલે આ ઉત્સવ માટે આખા નગરના માનવીઓ ઉત્સાહઘેલા બન્યા હતા.

રાજ્યના વિદ્વાન પુરોહિતના પુત્ર આર્યરક્ષિતનો સત્કાર થવાનો હતો. આજે રાજપુરોહિતનો પુત્ર પાટલીપુત્રમાં સંસ્કૃતનો અભ્યાસ કરી નગરીમાં પધારવાનો હતો, તે માટે શેરીઓ ને ચૌટા ધજા પતાકાથી શણગારવામાં આવ્યા હતા.

લોકો પણ ટોળે મળી એક જ વાત કરતા હતા–આર્યરક્ષિતની પંડિતાઇની. આર્યરક્ષિત સંસ્કૃતમાં વિધવિધ શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરી આજે શહેરમાં પ્રવેશ કરવાનો હતો.

તેમના સ્વાગતની બધી તૈયારીઓ થઇ ચૂકી હતી. લોકોના ટોળેટોળા આ મહાપંડિતના દર્શન માટે ઉમટ્યા હતા. વિદ્યાપ્રેમી રાજવીએ પણ તેને રાજ્યના ગૌરવરૂપ માનીને હાથી ઉપર તેનું સ્વાગત કરવા નિર્ણય કર્યો હતો.

નગરજનોમાં આજે એક જ વાત થતી હતી. કોઇ કહે : "આર્યરક્ષિત તો નાનપણથી જ ચતુર હતો" તેને વારસામાં જ વિદ્યાના સંસ્કાર મળેલા છે. તેના પિતા સંસ્કૃત ભાષાના મહાપંડિત અને વળી રાજપુરોહિત એટલે પુત્રના અભ્યાસમાં શું કમી હોય?

તેના પિતા પણ પ્રખર વિદ્વાન. તેમણે તો આર્યરક્ષિતનો જન્મ થતાં જ નિર્ણય કરેલો કે તેને ભણાવી ગણાવી વિદ્વાન બનાવવો. એટલે તેમણે પોતાના હાથ નીચે કાળજીપૂર્વક અભ્યાસ કરાવી, વધુ જ્ઞાનપ્રાપ્તિ માટે પાટલીપુત્ર મોકલ્યો હતો. પુત્રના અભ્યાસ માટે તેની ગમે તે ભોગ આપવાની તૈયારી હતી. તેની માતા તરફથી પણ આ આર્યરક્ષિતને વિદ્યા અને ધર્મના સંસ્કાર બાળપણથી જ મળેલા.

પિતાની તમન્ના અને માતાના ઉચ્ચ સંસ્કારનું ભાતુ લઇ આર્યરક્ષિત પાટલીપુત્ર ગયો હતો. ત્યાં રહી ખૂબ કષ્ટ વેઠીને પણ તેણે વેદ–વેદાંગ અને ઉપનિષદ્‌નો ઊંડો અભ્યાસ કર્યો હતો. વિદ્યાલયમાં ખૂબ ખંતથી ઊંડો અભ્યાસ કરી પોતાના ગુરુ તેમજ સહાધ્યાયીઓના આશીર્વાદ અને પ્રેમ સંપાદન કરી આજે આર્યરક્ષિત પોતાના નગરમાં પ્રવેશ કરી રહ્યો હતો.

પોતાના નગરનો એક સપુત ભણીગણી વિદ્યાપારંગત થઇ નગરમાં પ્રવેશ કરતો હોય ત્યારે કોના દિલને આનંદ ન થાય? અને આ તો વળી વિદ્યાપ્રેમીઓની નગરી! રાજા અને પુરોહિત બન્નેના હૈયા આનદ અને ગૌરવથી ઉછળતા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજાએ આર્યરક્ષિતને ફૂલહાર પહેરાવી અંબાડી ઉપર પોતાની બાજુમાં જ બેસાડ્યો. હાથી ઉપર આરૂઢ થઇ આર્યરક્ષિતની સવારી જ્યારે નગરની બજારોમાંથી પસાર થઇ ત્યારે લોકોએ તેને તાળીઓના ગડગડાટ અને પુષ્પોની વૃષ્ટિથી વધાવી લીધો. પછી સવારી દરબારમાં પહોંચી ત્યારે ત્યાં પણ લોકોની ઠઠ જામી હતી દરબારમાં જનતાના વિધવિધ વર્ગો હતા, તેમાં બાળકો હતા, અને વૃદ્ધો હતા. વિદ્વાનો હતા અને વેપારીઓ હતા. સૌએ રાજા-પ્રજાએ તેમનું બહુજ ઉમળકાપૂર્વક સન્માન કર્યું. રાજા સભાએ તેમને 'મહાવિદ્વાન'નું બીરૂદ આપ્યું.

આર્યરક્ષિતને સન્માનવાનો સમારંભ પૂરો થયો કે તરત જ તે પોતાના ઘર તરફ પોતાના માતા-પિતાને વંદન કરવા ઝડપભેર ઉપડ્યો. ઘરે આવતા જ પુરોહિત પિતાના પગમાં પડી ચરણ-વંદના કરી. પિતાએ પણ તેને ઉમંગથી આશીર્વાદ આપ્યા.

પિતાના આશીર્વાદ મેળવી પુત્ર માતાના દર્શન કરવા ઉત્સુક બન્યો. પણ તેની માતા રુદ્રસોમા તે સમયે સામાયિકમાં બેઠા હતા. માતાએ પુત્રના વિદ્યાભ્યાસના અને રાજાએ કરેલા સન્માનના સમાચાર સાંભળ્યા હતા. હવે તેમણે પુત્રને પોતાની સન્મુખ આવતો જોયો. આર્યરક્ષિતે માતા પાસે આવી પ્રણામ કરી આશીર્વાદ માંગ્યા. પરંતુ માતા સામાયિકમાં હતા એટલે કશું બોલ્યા નહિ. માતાને જૈન ધર્મ ઉપર અત્યંત શ્રદ્ધા અને ભક્તિ હતા, એટલે તેના મનથી તો જૈન ધર્મના અભ્યાસ વગર પુત્રનો અભ્યાસ અધુરો જ હતો. માતા મૌન રહ્યાં એટલે આર્યરક્ષિત વિચારમાં પડી ગયો. "સમગ્ર પ્રજાએ મારૂં સન્માન કર્યું અને રાજાએ મારા અભ્યાસ પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો એ ખરૂં પણ જ્યાં સુધી મારી માતા મને આશીષ ન આપે અને મારા અભ્યાસ પ્રત્યે હર્ષ ન બતાવે ત્યાં સુધી મારો અભ્યાસ અધુરો જ છે." આમ વિચારી શોકાતુર વદને તે માતા સમક્ષ ફરીથી ગયો.

આર્યરક્ષિતે માતાને પ્રણામ કર્યા અને કહ્યું, "હે જન્મદાત્રી માતા! રાજા-પ્રજાએ મારા અભ્યાસથી હર્ષ પામી મારૂં સન્માન કર્યું પણ જ્યાં સુધી તમારા દિલને હર્ષ ન થાય અને તમે આશીર્વાદ ન આપો ત્યાં સુધી મને આનંદ નહિ થાય. ભલે સમગ્ર પ્રજાએ મને વધાવ્યો! ભલે રાજાએ મને સન્માન્યો! પરંતુ હે કલ્યાણવાંચ્છુ જનની! જ્યાં સુધી તારા મુખ ઉપર મને સંતોષના દર્શન ન થાય ત્યાં સુધી મારા મનને ચેન નહિ પડે તો હે માતા, મને આજ્ઞા આપો કે હું શું કરૂં તો તમને સંતોષ થાય? હજી મારા અભ્યાસમાં કંઇ ઉણપ હોય તો તે બતાવો જેથી હું એ મારી ઉણપ દૂર કરી શકું."

માતા પણ આર્યરક્ષિતના આ શબ્દોથી મનમાં સંતોષ પામી. તેણે પુત્રને કહ્યું : "ભલે તારો વિદ્યાભ્યાસ જોઈ સૌએ તને સન્માન્યો, પણ જ્યાં સુધી મોક્ષને આપનાર અને સમગ્ર સંસારના દુ:ખોથી મુક્ત કરનાર જિતાગમનો તેં અભ્યાસ કર્યો નથી ત્યાં સુધી તારો અભ્યાસ અધૂરો જ છે. ત્યાં સુધી મારા મનને સંતોષ ન થાય. જો હું તને સાચી વાત ન કહું તો હું તારી સાચી માતા ન કહેવાઉં. માટે હું કહું છું કે, હે પુત્ર, તું તત્ત્વનું સાચું દર્શન કરાવનાર દૃષ્ટિવાદનો અભ્યાસ કરે ત્યારે જ મારૂં હૃદય પુલકિત બને, અન્યથા નહિ."

માતાના આ શબ્દોથી આર્યરક્ષિતના મુખ ઉપરથી વિષાદ દૂર થયો. તે વિચારવા લાગ્યો "મારી માતા જ મારી સાચી ઉપકારક છે. તેણે મને દુ:ખો વેઠીને જન્મ આપ્યો અને આજે મારી સંકુચિત દૃષ્ટિ અને અધુરા અભ્યાસથી થયેલ ગર્વનું ખંડન કરી મને પુનર્જન્મ આપ્યો છે, મને સાચો માર્ગ બતાવ્યો છે. ખરેખર આવી માતાનો હું પુત્ર છું તે મારૂં અહો-ભાગ્ય છે! માતાએ જો મને મારી ઉણપ ન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દર્શાવી હોત તો હું સન્માન અને પ્રશંસાના પ્રવાહમાં તણાય આખી જીંદગી અજ્ઞાનમાં જ અટવાઇ રહેત, સંસારના અંધારા કૂવામાં અજ્ઞાનના પાણી ડખોળ્યા કરત. મારી માતાએ મારા મનઃચક્ષુ ખોલી મને સાચી દૃષ્ટિ આપી છે." આમ વિચારી હર્ષાશ્રુ સાથે માતાને વંદન કરી કહેવા લાગ્યો, "હે માતા, તમારૂં કહેવું સત્ય જ છે, તમે જ મારા અજ્ઞાનના પડળ દૂર કર્યાં છે તો હવે તમે જ મને માર્ગ બતાવો કે એ દૃષ્ટિવાદનો અભ્યાસ હું શી રીતે કરૂં ? હું કયા ગુરુ પાસે જાઉં કે મને સાચું જ્ઞાન પ્રાપ્ત થાય તે કૃપા કરી બતાવો."

પુત્રની સાચી ઉત્કંઠા જાણી માતાએ હર્ષ સાથે કહ્યું : ' હે બેટા ! તું મારી વાત ધ્યાનથી સાંભળ. તે સાચા જ્ઞાનદાતા અને સન્માર્ગના ઉપદેશક મહાવિદ્વાનનું નામ છે તોસલીપુત્ર. તે પંચમહાવ્રતધારી અને પરમ ઉપકારી છે. તે જિનાગમના જ્ઞાતા છે તેમની પાસેથી તને સાચું જ્ઞાન પ્રાપ્ત થશે."

આર્યરક્ષિતે ઉત્કંઠાભાવે કહ્યું, "હે માતા, મને તમે જલદી એ ગુરુનું સ્થાન બતાવો. અત્યારે તે મહાઉપકારી ગુરુ કયાં બિરાજે છે તે કહો તેમની પાસે જઇ જલદી અધ્યયન શરૂ કરૂં ત્યારે જ મારા મનને શાન્તિ થશે."

માતા રુદ્રસોમાએ કહ્યું, "તે સ્થાન અહીંથી બહુ દૂર નથી. આ નજીકમાં જ આવેલા ઇક્ષુવાડામાં એ ગુરુ બિરાજમાન છે. તેમની પાસે જા. તેઓ જરૂર તને વિદ્યાભ્યાસ કરાવશે. મારા તને આશીર્વાદ છે."

પુત્ર આર્યરક્ષિતને તો દૃષ્ટિવાદના અભ્યાસ માટે સાચી ઉત્કંઠા જાગી હતી. એટલે માતાની આજ્ઞા હર્ષથી માથે ચડાવી. બીજા દિવસે પ્રભાતે વહેલા ઊઠીને તૈયાર થઇ ગુરુ પાસે જવા નીકળ્યો.

માર્ગમાં તેના પિતાનો એક બ્રાહ્મણમિત્ર શેલડીના સાંઠા લઇ સામે મળ્યો. તેણે આર્યરક્ષિતને કહ્યું, "આર્યરક્ષિત, તું અત્યારે કયાં જાય છે ? મારી સાથે તું ઘરે ચાલ, હું તારા માટે આ શેલડીના સાંઠા લાવ્યો છું, તો ચાલ ઘરે અને આ મીઠી શેલડીનો સ્વાદ ચાખ." પરંતુ આર્યરક્ષિતને માટે તો હવે આગમજ્ઞાન સિવાય કશાયનો સ્વાદ મીઠો લાગે તેમ ન હતો.

આર્યરક્ષિતે જોયું કે તે પિતાના મિત્રના હાથમાં શેલડીના સાડા નવ સાંઠા હતાં. પણ તેને તો હવે બીજા કશામાં રસ ન હતો તેથી કહ્યું, "કાકા, હું તો અત્યારે ગુરુ પાસે અભ્યાસ કરવા જાઉં છું. તમે ઘરે જઇ મારા ભાઈ ફલ્ગુરક્ષિતને તે શેલડી આપજો." આટલું બોલી આર્યરક્ષિત તો ઉતાવળે ચાલવા લાગ્યો.

પેલો બ્રાહ્મણમિત્ર તો વિચારમાં પડ્યો, "આ આર્યરક્ષિતને અભ્યાસનું કેવું ઘેલું લાગ્યું છે ! તેણે વેદવેદાંગ અને ઉપનિષદનો અભ્યાસ તો કર્યો છે અને રાજાએ સન્માન કરી તેને મહાવિદ્વાનનું બિરૂદ પણ આપ્યું છે. તો હજી શું બાકી રહ્યું હશે કે આટલો ઉતાવળે વહેલી સવારમાં અભ્યાસ કરવા ચાલી નીકળ્યો છે."

બ્રાહ્મણ તો વિચાર કરતો જ રહ્યો અને આ આર્યરક્ષિત ઉપડ્યો ઇક્ષુવાડા તરફ. પોતે જ્યોતિષ શાસ્ત્રનો અભ્યાસ તો કરેલો જ હતો તેથી તે સામે મળેલા નિમિત્તનો વિચાર કરવા લાગ્યો, 'આ કેવું વિચિત્ર છે ? હું અભ્યાસ કરવા નીકળ્યો અને પ્રભાતમાં જ સામે પિતાનો મિત્ર મળ્યો અને તે પણ હાથમાં મારે માટે શેલડીના સાંઠા લઇને ! અને તે સાંઠાની સંખ્યા પણ સાડા નવ ! તો મને લાગે છે કે હું જરૂર દૃષ્ટિવાદના સાડા નવ અધ્યાય સુધી તો અભ્યાસ કરી શકીશ. આમ વિચાર કરતો આર્યરક્ષિત ઇક્ષુવાડામાં આવી પહોંચ્યો. ત્યાં મુનિ તોસલીપુત્ર બિરાજમાન હતા. ગુરુપાસે પહોંચ્યો તો ખરો પણ વંદનની જૈન વિધિથી તે અજ્ઞાત હતો. તેથી ગુરુને કઈ રીતે વંદન કરવું એ વિમાસણમાં હતો ત્યારે એક ઢઢ્ઢર નામના શ્રાવક આચાર્યશ્રીને વંદન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવા આવ્યા. આર્યરક્ષિતને દૈવી સહાય મળી એમ લાગ્યું તે ઢઢ્ઢર શ્રાવકની પાછળ પાછળ ગયો અને તેની જેમ પોતે પણ ગુરુને વંદન કર્યાં.

ગુરુ તોસલીપુત્રે તેના વંદન કરવાના રંગ-ઢંગ ઉપરથી જાણી લીધું કે આ કોઈ અજાણ્યો માણસ છે. તેને જૈન વિધિનું પુરૂં જ્ઞાન નથી એટલે તેને પૂછ્યું, "ભાઇ, તું કયાંથી આવે છે? અને તને ધર્મની પ્રાપ્તિ કયાંથી થઈ?"

આર્યરક્ષિતે જવાબ આપ્યો, "ગુરુ મહારાજ! હું દશપુરનગરનો નિવાસી છું મને આ મહાનુભાવ પાસેથી ધર્મ વિધિની જાણ થઈ છે." એમ કહી તેણે ઢઢ્ઢર શ્રાવક સામે આંગળી ચીંધી. આ વાતચીત દરમીઆન બીજા એક મુનિએ તેને ઓળખી લીધો. તેણે કહ્યું, "ગુરુ મહારાજ, આ ભાઇ તો આર્યરક્ષિત છે. તેનું વિદ્યાપ્રાપ્તિ માટે રાજાએ ગઇકાલે સન્માન કર્યું હતું. તે રાજપુરોહિતનો પુત્ર છે અને વેદવેદાંગ તેમજ ઉપનિષદ્‌નો તેને અભ્યાસ છે. આવા પ્રખર વિદ્યાભ્યાસી અહીં શા માટે આવે તે સમજાતું નથી."

આ સમયે આર્યરક્ષિતે નમ્રતાથી કહ્યું: "ગુરુ મહારાજ! મેં વેદ–વેદાંગનો અભ્યાસ કર્યો છે તે ખરૂં પણ મારી માતા રુદ્રસોમાએ મને સાચી દૃષ્ટિ આપી છે અને કહ્યું છે કે 'દૃષ્ટિવાદ'ના અભ્યાસ વગર તારો અભ્યાસ અધૂરો છે. તે માટે તું ગુરુ તોસલીપુત્ર પાસે જા" એટલે મારી માતાની આજ્ઞાથી હું આપની પાસે 'દૃષ્ટિવાદ'નો અભ્યાસ કરવા આવ્યો છું. તો આપ કૃપા કરી મને દૃષ્ટિવાદનો અભ્યાસ કરાવો."

ગુરુએ જોયું કે આર્યરક્ષિત સાચો જિજ્ઞાસુ છે. વળી તેનું કુળ પણ વિદ્યાનું ઉપાસક છે. તેને વારસામાં વિદ્યાના સાચા સંસ્કાર મળેલા છે, તેની જિનભક્ત માતાએ તેને સુસંસ્કારી બનાવ્યો છે. વળી તેમણે લક્ષણજ્ઞાનથી જાણ્યું કે તે આચાર્ય વજ્રસૂરી પછી મહાપ્રભાવક થશે.

આ બધો વિચાર કરી ગુરુ તોસલીપુત્રે કહ્યું, "ભાઇ, 'દૃષ્ટિવાદ'નો અભ્યાસ કરવો એ કાંઇ સહેલું નથી. તેને માટે આકરી વ્રત-તપશ્ચર્યા કરવી જોઇએ, દૃઢ મનોબળ અને અભ્યાસ કરવાની પૂરી તાલાવેલી જોઇએ. આર્યરક્ષિતે આતુરતાથી જવાબ આપ્યો, "ગુરુ મહારાજ, એ માટે આપ કહો તે બધું કરવા હું તૈયાર છું, તો મને દિક્ષા આપો 'દૃષ્ટિવાદ'નો અભ્યાસ કરવા મારો દૃઢ નિર્ધાર છે. વળી મારી માતાની પ્રેરણા અને આશીર્વાદથી તો હું જરૂર ખંતથી અભ્યાસ કરીશ. તો મારા ઉપર ઉપકાર કરી મને જલદી દિક્ષા આપો."

ગુરુ તોસલીપુત્રે બધો વિચાર કરી આર્યરક્ષિતને દિક્ષા આપી અને ત્યાંથી શિષ્યો સહિત વિહાર કરી તુરત જ અન્યત્ર ગયા. ત્યાં આર્યરક્ષિતનો અભ્યાસ વિધિપૂર્વક શરૂ થયો.

આર્યરક્ષિતમાં વારસાગત અભ્યાસના સંસ્કાર હતા. તેમાં પાટલીપુત્રમાં રહી તેણે કરેલા ન્યય ય–વ્યાકરણ અને વેદવેદાંગના અભ્યાસે પૂર્તિ કરી હતી. તેમાં માતાની પ્રેરણા ને આશીર્વાદના સિંચન થયા હતા. આથી તેનો અભ્યાસ ઝડપ ભેર આગળ વધવા લાગ્યો.

ઉચ્ચ સંસ્કાર અને વિદ્યાભ્યાસને પરિણામે શિષ્ય આર્યરક્ષિતમાં વિનય, નિયમપાલન, ગુરુભક્તિ વગેરે આત્માના ગુણો પણ વિકસ્યા. પછી ગુરુ તોસલીપુત્રે વધુ અભ્યાસ માટે તેને વજ્રસ્વામી પાસે જવા આજ્ઞા કરી.

ગુરુઆજ્ઞા માથે ચડાવી આર્યરક્ષિત ઉપડ્યા. પ્રથમ તેઓ ભદ્રગુપ્ત મુનિના ઉપાશ્રયે ગયા. ત્યાં ભદ્રગુપ્ત મુનિના અંતિમ દિવસ છે એમ જાણી તેમની સેવા સુશ્રૂષા કરવા રોકાયા. તેમની સેવાવૃત્તિથી પ્રસન્ન થઇ મુનિ ભદ્રગુપ્તે આશીર્વાદ આપ્યા અને કહ્યું, "તમે જરૂર વજ્રસ્વામી પાસે જઇને દૃષ્ટિવાદનો અભ્યાસ કરો, મારા આશીર્વાદ છે. પણ એક હકીકત ધ્યાનમા રાખજો. તેમની પાસે અભ્યાસ કરજો પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આહાર–પાન અને શયન કરવાનું તો બીજા ઉપાશ્રયમાં જ રાખજો, એ તમારા હિતમાં છે." તેમની સલાહ શિરોમાન્ય કરી આર્યરક્ષિત વજ્રસ્વામી પાસે અભ્યાસ કરવા ગયા.

આ બાજુ વજ્રસ્વામીને પણ સ્વપ્ન આવ્યું કે પોતાની પાસે આવેલ અતિથિને પોતે ખીરના પાત્રથી પારણુ કરાવી સ્વાગત કર્યું પણ અતિથિએ કરેલ પારણા પછી પાત્રમાં અલ્પ ક્ષીર બાકી રહી ગઈ. સ્વપ્નના પરિણામનો વિચાર કરતાં વજ્રસ્વામીએ જાણ્યું કે "મારી પાસે જે પ્રાજ્ઞ અતિથિ આવશે તે વિદ્યાભ્યાસ કરશે પણ તેનો થોડો અભ્યાસ બાકી રહી જશે."

વજ્રસ્વામી સ્વપ્નના પરિણામનો વિચાર કરી રહ્યા હતા તે સમયે જ આર્યરક્ષિતનું ત્યાં આગમન થયું. વજ્રસ્વામીએ તેમને પૂછ્યું, "હે મુનિ, તમારૂં અહીં આવવાનું પ્રયોજન શું છે? તમારા સંથારો પાત્ર વગેરે ઉપકરણો ક્યાં છે?" આર્યરક્ષિતે કહ્યું, "હે પૂજ્ય, મુનિ ભદ્રગુપ્તની સૂચના પ્રમાણે મેં બધા ઉપકરણો અન્ય ઉપાશ્રયમાં રાખ્યા છે. આપ મને કૃપા કરી દૃષ્ટિવાદનો અભ્યાસ કરાવો."

વજ્રસ્વામીએ પણ આર્યરક્ષિતની ઉત્કંઠા અને યોગ્યતા જાણી 'પૂર્વ'નો અભ્યાસ શરૂ કરાવ્યો. આર્યરક્ષિતનું મન તો અભ્યાસ સિવાય બીજા કશામાં હતું નહિ અને જલદી જલદી અભ્યાસ પૂર્ણ કરી માતાની આશા પરિપૂર્ણ કરવાની તેમને તાલાવેલી હતી; તેથી તેમનો અભ્યાસ ઝડપભેર આગળ વધવા લાગ્યો. વજ્રસ્વામી પણ તેમની અભ્યાસપરાયણતાથી ખૂબજ પ્રસન્ન થયા.

આ રીતે ખંતથી અભ્યાસ કરતા આર્યરક્ષિતે નવપૂર્વનો અભ્યાસ પૂરો કર્યો અને દશમાં પૂર્વનો અભ્યાસ શરૂ થયો. હવે આર્યરક્ષિતને અભ્યાસમાં મુશ્કેલી જણાવા લાગી. તેની અભ્યાસની ધીરજ પણ ખૂટવા લાગી. હવે ભારે શ્રમ લેવા છતાં તેમને અભ્યાસમાં કઠિનતા જણાવા લાગી. કર્માનુયોગે બરાબર આવા સમયે તેનો ભાઈ ફાલ્ગુરક્ષિત માતાની આજ્ઞાથી આવી પહોંચ્યો, અને તેમને કુશળ સમાચાર પૂછ્યા.

નાના ભાઇને જોઈ આર્યરક્ષિતને કુટુંબ સાંભરી આવ્યું. તેમની માતાની આજ્ઞા યાદ આવી. તેમણે તુરત જ ફલ્ગુરક્ષિતને પૂછ્યું: "ભાઈ, ઘરમાં સૌ કુશળ છેને? આપણી માતા સુખરૂપ છેને? તું જલદી મને પુત્રવત્સલ અને સન્માર્ગદર્શક માતાના સમાચાર કહે."

ફલ્ગુરક્ષિતે કહ્યું: "ઘરમાં સૌ કુશળ છે. અને આપણી વહાલસોયી માતા તમારા સુખનું દર્શન કરવા ખૂબ ઉત્સુક છે. તેમણે કહેવરાવ્યું છે કે તું સ્નેહભાવથી કે ઉપકારભાવથી એક વાર તારા મુખનું દર્શન કરાવી માતાની અભિલાષા પૂર્ણ કર."

આર્યરક્ષિતે કહ્યું: "ભાઈ, સ્નેહની ગાંઠ અને સંસારના બંધનો ક્ષણભંગુર છે મને તો અહીંથી જવાનું બીલકુલ મન નથી કારણ કે તેથી મારા અભ્યાસમાં ઉણપ આવે. તું પણ ક્ષણભંગુર સંસારના બંધનો કાપી મારી જેમ અભ્યાસમાં લાગી જા." આ રીતે સમજાવીને ભાઇને પણ આર્યરક્ષિતે દિક્ષાને માર્ગે વાળ્યો.

આર્યરક્ષિતનો અભ્યાસ અધુરો જ રહેવાનું નિર્માણ હતું, તેથી હવે તેમનામાં અભ્યાસ અંગે શિથિલતા આવવા લાગી. તેઓ હવે વારંવાર ગુરુ વજ્રસ્વામીને પૂછતા, "કેટલું બાકી છે? હવે અમારો અભ્યાસ ક્યારે પૂરો થશે?" વજ્રસ્વામીએ શિથિલતા દૂર કરવા બહુ સમજાવ્યા પણ નિર્માણ કંઈ જુદુ જ હતું.

આર્યરક્ષિતે હવે પોતાના કુટુમ્બીઓને મળવા જવાની ઉત્સુકતાની વાત વજ્રસ્વામી સમક્ષ રજુ કરી, અને તે માટે રજા માગતા જણાવ્યું, "હે ગુરુવર્ય, મારા કુટુમ્બીજનોને અને ખાસ મારી માતાને મળવા જવાની રજા આપો. હું જલદી પાછો આવી અભ્યાસમાં લાગી જઇશ."

વજ્રસ્વામીએ જાણ્યું કે હવે પોતાનું આયુષ્ય પણ અલ્પ છે, અને આર્યરક્ષિત જશે તો હવે ફરી મળી શકાશે નહિ. વળી હવે તેમના આટલા જ અભ્યાસની યોગ્યતા જોઈ મિચ્છામિ દુક્કડમ્ કરી આશીર્વાદ આપી રજા આપી.

ગુરુની રજા મળતાં જ ત્યાંથી રવાના થઈ આર્યરક્ષિત પાટલીપુત્ર આવ્યા. ત્યાં ગુરુ તોસલી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુત્રને પોતાના અભ્યાસની સઘળી હકીકત કહી સંભળાવી. ગુરુ પણ પોતાનો શિષ્ય સાડા નવ પૂર્વનો અભ્યાસી થયો છે તે જાણી આનંદ પામ્યા અને તેના જ્ઞાનથી પ્રભાવિત થઇ તેમને આચાર્યપદે સ્થાપ્યા. તેઓ હવે આર્યરક્ષિત સૂરી થયા. થોડા સમય બાદ ગુરુ તોસલીપુત્ર કાળધર્મ પામ્યા.

ત્યાર બાદ બન્ને મુનિઓ આર્યરક્ષિતસૂરી અને ફલ્ગુરક્ષિત દશપુર નગરીમાં આવ્યા. મુનિ ફલ્ગુરક્ષિતે સંસારી માતા રુદ્રસોમાંને મુનિ આર્યરક્ષિતસૂરીના આગમનના સમાચાર આપ્યા. પુત્ર જિનાગમનો અભ્યાસ કરી નગરમાં આવ્યો છે તે જાણી માતા તો હર્ષઘેલી બની ગઇ. તેને પુત્રના મુખનું દર્શન થશે તે જાણી તેનું અંતઃકરણ આનંદવિભોર બન્યું. માતા હજી પુત્રના આગમનના વિચારો કરે છે. ત્યાં તો આચાર્ય આર્યરક્ષિતસૂરી ત્યાં જ આવી પહોંચ્યા. માતા પુત્રના મુખના દર્શનથી ખૂબ હર્ષ પામી. પિતાને પણ પોતાના પુત્રની જ્ઞાનપ્રાપ્તિથી ઘણો જ આનંદ થયો. પછી આચાર્ય આર્યરક્ષિતસૂરીએ પોતાના સંસારી માતા રુદ્રસોમા અને પિતા સોમદેવને ધર્મનું સાચું સ્વરૂપ સમજાવ્યું. તે બન્ને પણ આચાર્ય આર્યરક્ષિતસૂરીની પ્રેરણાથી દિક્ષા અંગીકાર કરી ધન્ય બન્યા.

卐

## શ્રી ભાવનગરથી શ્રી સિદ્ધાચલજી તરફ છ'રી પાળતો સંઘ

પૂ. આચાર્ય મ. સા. શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી, પૂ. આ. મ. શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી, પૂ. આ. મ. શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી સાહેબની નિશ્રામાં ભાવનગરથી શત્રુંજય તીર્થની યાત્રાર્થે છ'રી પાળતો સંઘ મહાપાવનકારી તીર્થ તરફ મહા સુદ ૧૦ના સવારે ૭ ક. ૧ મિ. રવાના થયેલ. સંઘપતિઓ શ્રીમાન ચંપકભાઈ અમીચંદ, વનમાળીદાસ ગોરધનભાઈ, હઠીચંદભાઈ રણછોડ તથા જયંતિભાઈ કુંવરજીને ફુલહાર વિધી મોટા દેરાસર પેઢીમાં થઈ હતી. આ સમયે જૈનોમાં ઉત્સાહ અનેરો હતો. ભક્તિભાવ અને તારકતીર્થને ભેટવાની ઉત્કંઠા વીરલ હતાં. પ્રથમ મુકામ વરતેજ હતો. ત્યાં જૈન સમુદાયે ભાવપૂર્વક સામૈયું કર્યું. બીજો મુકામ શિહોર હતો. પ્રથમ સંઘપતિઓને ફૂલહાર વિધિ કર્યા બાદ દબદબાપૂર્વક સામૈયું થયું. ખરેખર ત્યારે માનવમેદની માટે રસ્તો સાંકડો પડતો હતો. માંગલીક પ્રવચન, વ્યાખ્યાન, સ્નાત્ર, પૂજા વગેરે યાત્રીકોની ધર્મભાવનાને પુષ્ટી આપતાં. ત્રીજો મુકામ સોનગઢ હતો. અહિં પણ અનુમોદનાનું મોજુ ગુંજતુ બન્યું હતું. ચારિત્ર આશ્રમમાં સંપૂર્ણ સુવિધા હતી, સહુ પ્રફુલ્લિત હતા. ઉત્કંઠા પૂર્વક યાત્રાની રાહ ચાતક દૃષ્ટિએ જોઇ રહ્યા હતા. જસપરામાં રાવટીઓ નાખી સગવડતાની યોજના પ્રશંસા માંગી લેતી હતી. કુદરતને ખોળે ભક્તિભાવ સભર જીવનનો અણમોલ દિવસ અનેરા આનંદ પૂર્વક પસાર થયેલ. રાત્રે રાસ, ગરબા, ભાવના–ગીતો વગેરેનું ગુંજન હૈયે વસી ગયું. પાલીતાણા મુકામે, પાલીતાણાના સંઘ તરફથી ભાવભીનું સ્વાગતને સામૈયા થયાં. રાજેન્દ્રભવન આદિમાં સંપૂર્ણ સુવિધા મળી. રાત્રે માળની ઉછામણી હૈયાને ડોલાવનારી બની હતી. જે દિવસની ઝંખના હૈયામાં રમતી હતી, તે બીજે દિવસે પુર્ણ થઇ. સહુ યાત્રીકો પરમતારક આદિનાથ ભગવાનને ભેટવા અનેરા ઉમંગથી ગિરિ પર પહોંચી ગયા. માળની વિધિ આનંદ પૂર્વક, સમયસર પુર્ણ થયે કે તરત જ સહુ પુજનવિધિમાં મસ્ત બની ગયા. અનેકને યાત્રાનો અલભ્ય લાભ આપી સંઘપતિઓએ પોતાનું જીવન સફળ બનાવ્યું, અનેકને પ્રેરણા મળી. આવો લાભ મેળવવા યોગ્ય તકની રાહ જોતા કરી દીધા.

તંત્રી : શ્રી ગુલાબચંદ લલુભાઇ શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ સાધના મુદ્રણાલય, દાણાપીઠ - ભાવનગર

For Private And Personal Use Only